મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ

તા.૧૫-૦૯-૨૦૨૦

વંચાણે લીધા:

(૧) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૪/યુઆરઓ-૬/સ. તા.૦૫/૦૪/૨૦૧૬

(૨) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૪/યુઆરઓ-૬/સ. તા.૦૪/૦૬/૨૦૧૬

(3) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૪/યુઆરઓ-૬/સ.તા.૦૭/૧૦/૨૦૧૫

(૪) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક :પરચ/૧૦૨૦૧૪/યુઆરઓ-૬/સ. તા.૨૬/૧૨/૨૦૧૬

પ્રસ્તાવના:-

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય મળી રહે તે માટે વંચાણે લીધેલ ઠરાવથી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરિયાતમંદ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ થી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

હાલમાં ફેલાયેલ નોવેલ કોરોના વાયરસને (COVID 19)ની વર્તમાન પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે COVID-19 અન્વયે વિવિધ ફરજો બજાવતા સરકારી કર્મચારીઓને WHO દ્વારા કોરોના વોરિયર્સ તરીકે ઓળખવામાં આવે છે. COVID-19 ની કામગીરીમાં ફરજ બજાવતી વખતે COVID-19 થી અવસાન પામેલા સરકારી કર્મચારીઓના (કોર્પોરેશનના કર્મચારી સહિતના) બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત લાભ આપવાની બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમોમાં માન્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને પ્રવેશ મેળવનાર COVID-19 થી અવસાન પામેલ કોરોના વોરિયર્સના સંતાનોને પણ આ યોજનાના લાભ મળે તે માટે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. આથી વંચાણે લીધેલ વિભાગના તા.૦૭/૧૦/૨૦૧૫ના યોજનાના ઠરાવમાં નીચેની જોગવાઈ દાખલ કરવામાં આવે છે.

યોજનાના નિયમ ૨.૩ ઉચ્ચ શિક્ષણ સહાય માટે સહાય મેળવવાની પાત્રતાના ધોરણોના પેટા નિયમ ૨.૩.૧ માં નીચે મુજબ ફકરા (૮) ઉમેરવામાં આવે છે.

(૮) "ગુજરાત રાજ્યમાં COVID-19 ની કામગીરીમાં ફરજ બજાવતી વખતે COVID-19 થી અવસાન પામેલા સરકારી કર્મચારીઓના (કોર્પોરેશનના કર્મચારી સહિતના) સંતાનોને પર્સેન્ટાઈલ/પરસન્ટેજ કે આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય આ યોજના અંતર્ગત ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમ માટે સહાય મળવા પાત્ર થશે. આ માટે સરકારી કર્મચારી જે વિભાગ હેઠળની કચેરીમાં ફરજ બજાવતા હોય તે વિભાગના નાયબ સચિવથી ઉતરતી કક્ષાના ન હોય તેવા અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે."

સદર જોગવાઇનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી કરવાનો રહેશે. અન્ય સંબંધિત બાબતોની જોગવાઈઓ વિભાગના તા.૦૭/૧૦/૨૦૧૫, તા.૦૫/૦૪/૨૦૧૬, તા.૦૪/૦૬/૨૦૧૬ તેમજ તા.૨૬/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૪/યુઆરઓ-૬/સ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૪-૦૮-૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(મહેસૂલ) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- માન. મંત્રીશ્રી ( શિક્ષણ) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (આદિજાતી વિકાસ) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી( શિક્ષણ) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી કૃષિ,સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય, ગાધીનગર
- સચિવશ્રી, આદિજાતિ અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓના કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, સેકટર નં. ૧૦- એ ગાંધીનગર
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, નોલેજ કોન્સસીયસ ઓફ ગુજરાત પ્રજ્ઞા પુરમ કેમ્પસ અમદાવાદ.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઈ.સી), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ( શિક્ષણ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.